# માનો સ્નેહ

## સ્વરચિત કાવ્યોનો સંગ્રહ


રચયિતા:

**આશા ગાંગાભાઈ મકવાણા**

બાળ-કવયિત્રી



Lifting Global Trade

APM TERMINALS

**એપીએમ ટર્મિનલ્સ - પીપાવાવ**

Swadeep

**સ્વદીપ શિક્ષણ વિકાસ સંસ્થા**

આ પુસ્તક જ્ઞાન જ્યોત પ્રોજેક્ટ અંતર્ગત પ્રકાશિત થાય છે.

Gyanjyot is managed by Swadeep with the full financial support of APM Terminals Gujarat Pipavav Port Limited


Maa No Sneh by Asha Makwana

કાવ્ય-રચના - આશા ગાંગાભાઈ મકવાણા

પ્રકાશક - સ્વદીપ શિક્ષણ વિકાસ સંસ્થા
૨૧, અભિનંદનપાર્ક-૨, વસ્ત્રાપુર રેલવે સ્ટેશન સામે,
વેજલપુર, અમદાવાદ - ૩૮૦ ૦૫૧.
ફોન: ૦૭૯૯ ૨૬૯૩૧૬૪૨
swadeepindiango@gmail.com, info@swadeepindia.org
wwww.swadeepindia.org

સંપાદન - સંજય દવે

ડિઝાઇન - રાજેશ પટેલ

પ્રત - ૩૦૦

વર્ષ - ઑગસ્ટ ૨૦૧૮

મુદ્રક - શ્રી પ્રિન્ટ સ્ટોપ, અમદાવાદ

# મારી વાત

મને કવિતાઓ લખવી ખૂબ ગમે છે. મારા મનથી જે સૂઝે એ હું લખતી રહું છું. પ્રસ્તુત કાવ્યસંગ્રહ 'માનો સ્નેહ'માં મેં વૈવિધ્યસભર કાવ્યો રજૂ કર્યાં છે. આ કાવ્યસંગ્રહમાં બધા જ શબ્દો સમજાય તેવા છે. મારો આ પ્રથમ કાવ્યસંગ્રહ છે. આશા છે કે બધાને મારો આ પ્રથમ કાવ્યસંગ્રહ ગમશે. 'એ.પી.એમ. ટર્મિનલ્સ-પીપાવાવ'ના ડૉ. શૈલેન્દ્ર ગુપ્તા અને જયંત માધડ; 'સ્વદીપ' સંસ્થાના કલ્યાણ ડાંગર, રાજુ ચાવડા, કવિતા કાછડિયા, મદદનીશ જિલ્લા ગર્લ્સ એજ્યુકેશન કોઑર્ડિનેટર શ્રી કાશ્મીરાબહેન સંવટ, બી.આર.સી. રાજુલા શ્રી અજયભાઈ ખુમાણ. સી.આર.સી.-રાજુલા તેમ જ મારી શાળા 'શ્રી કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય-રાજુલા'ના સમગ્ર સ્ટાફની હું આભારી છું. જ્ઞાન જ્યોત પ્રોજેક્ટ દ્વારા મારો આ કાવ્યસંગ્રહ પ્રકાશિત થઈ રહ્યો છે તેથી હું બહુ ખુશ છું. આપ સૌને મારી કવિતાઓ ગમશે એવી આશા છે.

- આશા મકવાણા

મારો

આ પ્રથમ કાવ્ય-સંગ્રહ

હું

**મારી મા**

**કમુબહેનને**

**અર્પણ**

કરું છું.

# બાળ–કવયિત્રી આશા ગાંગાભાઈ મકવાણાનો સંક્ષિપ્ત પરિચય

બાળ-કવયિત્રી આશા મકવાણા, અમરેલી જિલ્લાના રાજુલામાં 'શ્રી કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય'માં ધોરણ-૧૦માં ભણે છે. તે ગીર સોમનાથ જિલ્લાના કોડિનાર તાલુકાના છાછર ગામની વતની છે. આશાએ ૧થી ૬ ધોરણ સુધીનો અભ્યાસ, છાછર ગામમાં કર્યો. છઠ્ઠા ધોરણથી તે 'કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય'માં ભણે છે. અત્યારે તે દસમા ધોરણમાં અભ્યાસ કરે છે. તેનાં માતાનું નામ કમુબહેન અને પિતાનું નામ ગાંગાભાઈ છે. તેને ત્રણ બહેનો (કિરણ, દક્ષા, વિજયા) અને બે ભાઈ (ઉમેશ, ગિરીશ)છે. તેના પિતા મધ્યમવર્ગીય ખેડૂત છે અને માતા, ખેતમજૂરી કરે છે. તેમના ઘરની પરિસ્થિતિ એકદમ નબળી છે. ગામમાં રહેવા માટે ઘર ન હોવાથી તેઓ ખેતરમાં એક નાના ઘરમાં રહે છે. પિતાને ડૉક્ટર બનવાનું સ્વપ્ન હતું તે પૂરું ન થયું એટલે તે પોતાનું સ્વપ્ન તેમના બાળકોમાં જુએ છે. પિતા વ્યાજે પૈસા લાવીને તેમનાં સંતાનોને ભણાવે છે.

આશાનું સ્વપ્ન કવયિત્રી બનવાનું છે. તેને નવી-નવી કવિતા બનાવવી ખૂબ ગમે છે. તેણે આઠમા ધોરણથી જ કવિતા લખવાનું શરૂ કર્યું હતું. આશાને પોતે રચેલું કાવ્ય તેના પિતાને સંભળાવવું ગમે છે. તેના પિતા હંમેશાં તેને માર્ગદર્શન આપે છે.

'માનો સ્નેહ' એ આશાની પ્રથમ કવિતા છે. તેને લખવાની પ્રેરણા તેના છઠ્ઠા ધોરણનાં વર્ગ-શિક્ષિકા દિવ્યાબહેન સોજીત્રા પાસેથી મળી. ધોરણ-૮માં વડનગરની શાળામાંથી આશાએ કલા-ઉત્સવમાં ભાગ લીધો હતો. કન્યા શાળામાં પણ તેને પોતાની કવિતાનું જાહેરમાં ગાન કરવાની તક મળી હતી. તેમાં તેનો પ્રથમ નંબર આવ્યો હતો અને તેને પ્રોત્સાહન ઇનામ રૂપે ૨૦૦ રૂપિયા મળ્યા હતા. તાલુકા કક્ષાએ પ્રથમ નંબર આવતા ૫૦૦ રૂપિયા અને જિલ્લા કક્ષાએ પ્રથમ નંબર આવતા ૧૦૦૦ રૂપિયાનું ઇનામ મળ્યું હતું. કવિતા-પઠનમાં રાજ્ય કક્ષાએ પ્રથમ પુરસ્કાર રૂપે ૫૦૦૦ રૂપિયાનું ઇનામ અર્પણ કરી આશાનું સન્માન કરવામાં આવ્યું હતું. આશાને શ્રી રમણલાલ સોની અને શ્રી સુરેશ દલાલની સાહિત્ય-રચનાઓ તથા શ્રી શાહબુદીન રાઠોડના પ્રેરક-પ્રસંગો વાંચવા ખૂબ ગમે છે.

# આવકાર

આશા એક કવયિત્રી બનવા માંગે છે એ જાણીને મને ગર્વ થાય છે. કવયિત્રી અને કવિ, સમાજના પ્રતીક હોય છે. કવિતા સર્જનાત્મક અભિવ્યક્તિ હોય છે અને તે લોકોના હૃદય સુધી પહોંચે છે. ગુજરાત, મહાન કવિઓ અને સાહિત્યકારોની તપોભૂમિ છે અને મને પૂર્ણ વિશ્વાસ છે કે આશા તેની કવિતા દ્વારા ભારત અને ગુજરાતનું ગૌરવ વધારશે. આ જમાનામાં જ્યારે બધા ડૉક્ટર અને ઍન્જિનિયર બનવા માંગે છે ત્યારે આશાનું ધ્યેય એક સાહસિક કદમ છે. મને પૂર્ણ વિશ્વાસ છે કે, આશા ભવિષ્યમાં ખૂબ સફળ થશે.

આશાને કવયિત્રી બનવા માટે ખૂબ પ્રેરણા અને સાથ-સહકાર આપનારા, આશાનાં માતા-પિતા અને કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલયના શિક્ષકોને હું અભિનંદન પાઠવું છું.

આશાના આ પ્રથમ કાવ્ય-સંગ્રહને ખૂબ આનંદ અને સ્નેહ સાથે આવકારું છું.

**-હર્ષા માશેલકર**

હેડ-એચ.આર., એડમિન, સી.એસ.આર.
એ.પી.એમ. ટર્મિનલ્સ
ગુજરાત પીપાવાવ પોર્ટ લિમિટેડ

# શુભ સંદેશ

ઉચ્ચ પ્રાથમિક કક્ષાથી જ વિદ્યાર્થીઓમાં સાહિત્યક સર્જનનો વિકાસ થાય તે માટે શિક્ષણની સંસ્થાઓ સક્રીય રીતે કામ કરે છે. રાજ્ય સરકાર તરફથી પણ તે માટે પ્રોત્સાહક કાર્યક્રમો યોજાય છે. ઉપરાંત, કેટલાક એન.જી.ઓ. પણ સક્રીય રીતે રસ લઈ બાળકોની સર્જનશિલતામાં સહયોગી બને છે.

અંતરિયાળ ગામડાની બાળાઓના અભ્યાસ માટે કે.જી.બી.વી. સંસ્થા કાર્યરત છે. જેમાં રાજુલામાં આવેલી કે.જી.બી.બી.ની બાળા મકવાણા આશા ગાંગાભાઈ ધો. ૧૦માં અભ્યાસ કરે છે. આ બાળાને સાહિત્ય સર્જનનો ગજબનો શોખ છે. આટલી નાની વયે આવા અંતરિયાળ માહોલમાં તેનામાં સર્જનશિલતાના બીજ પ્રસ્ફુટિત થયેલ છે. તેમણે તેની કક્ષા પ્રમાણે સુંદર પદ્ય રચનાઓ રચી છે. તેમને સંસ્થાના શિક્ષકો અને સંચાલકો તરફથી સતત પ્રેરણા અને માર્ગદર્શન મળી રહ્યા છે. જેના પરિણામસ્વરૂપે તેમનો આ નાનકડો પ્રયાસ કાવ્યસંગ્રહ **'માનો સ્નેહ'** તેમણે પ્રકાશિત કર્યો છે. તેમના આ પ્રયાસને હું બિરદાવું છું.

આ કાવ્યસંગ્રહને પ્રકાશિત કરી અને દરેક શાળા સુધી પહોંચવા માટે **એપીએમ ટર્મિનલ્સ ગુજરાત પીપાવાવ પોર્ટ લિમિટેડ** અને **સ્વદીપ શિક્ષણ વિકાસ સંસ્થા**એ યોગદાન આપી તેમના આ કામમાં પ્રોત્સાહન અને પ્રેરણા આપેલ છે. જેને માટે તેમને હું અભિનંદન પાઠવું છું અને તેમનો આભાર વ્યક્ત કરું છું.

આ નાની દીકરીના પ્રયાસને આપણે સૌ સાથે મળી સફળ બનાવીએ. તે તેના સાહિત્ય સર્જનમાં ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવી શુભકામના સહ...

**સી.એમ. જાદવ**
જિલ્લા પ્રોજેક્ટ કો.ઑર્ડિનેટર
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી
સર્વ શિક્ષા અભિયાન, અમરેલી

# અનુક્રમણિકા


- માનો સ્નેહ ....................................................૯
- દેવ મારા નિશાળે ..........................................૧૦
- સપનું ..........................................................૧૧
- શ્રદ્ધાનો સથવારો ..........................................૧૧
- જિંદગી ..........................................................૧૨
- કેટલાક પ્રશ્નો જીવનના ....................................૧૩
- મને ગમે ........................................................૧૪
- વર્ષારાણી ......................................................૧૫
- મળી આઝાદી ..................................................૧૬
- દીકરી ............................................................૧૭
- વરદાન ..........................................................૧૭
- ખુદના જ કરે પ્રહાર ........................................૧૮
- ગુરુજી ...........................................................૧૯
- કોરું રહેવું કેમ ગમે? .......................................૨૦
- મા તું નવદુર્ગા ...............................................૨૧
- મા તે મા .......................................................૨૨
- મા! તું મને મળજે ...........................................૨૩
- મારી મમ્મી ....................................................૨૪
- કાળું નાણું .....................................................૨૫
- તું નારી છો ....................................................૨૬

- વીરો પ્યારો ........................................................૨૭
- કેમ કે હું મનુષ્ય છું ................................................૨૮
- દારૂ, દારૂ, દારૂ .....................................................૨૯
- ભારતને સ્વર્ગ બનાવીએ ...........................................૩૦
- બહેનોની વિશેષતા ...................................................૩૧
- પિતાનું કર્તવ્ય .......................................................૩૨
- નવરાત્રિ ...............................................................૩૩
- પ્રકૃતિનું સર્જન ......................................................૩૪
- સૂર્યને ઉગવાનું મન થાય ...........................................૩૫
- અવતાર ................................................................૩૬
- સંતાકુકડીની રમત ...................................................૩૭
- બાળપણ ...............................................................૩૮
- વિચારોની વચ્ચે .....................................................૩૯
- તલાશ ..................................................................૪૦
- આનંદ અપાર છે ....................................................૪૧
- બેસી મારું ગપ્પા ....................................................૪૨
- હું ગુંજાવીશ આકાશ ................................................૪૩
- બનીશ ટીચર મોટી ..................................................૪૪
- મેડમની સંસ્કૃતિ ....................................................૪૫
- હાઈકુ ..................................................................૪૬

# માનો સ્નેહ

મા તો મારી વહાલી વહાલી,
લાગે ગોદ સુંવાળી એની,
વરસે ચોમાસું અનારાધાર,
રહે ઉનાળો કોરો ધાકોડ,
માનો સ્નેહ તો બારેમાસ,
ન આવે એમાં ભરતી કે ઓટ,
મા તો મારી.....

મા તો પૃથ્વીથી પણ મોટી,
લાગે જગની તારણહાર,
ખવડાવે રોજ હૃદયથી રોટી,
લાગે એ તો મધથી મીઠી,
લાગણીથી એ રોજ ઉભરાતી,
ઘરની રાજ દુલારી મા,
મા તો મારી.....

ખમ્મા બોલે દુનિયા ડોલે,
વાણી વાપરે રોજ બિચારી,
દિન-રાત એ મહેનત કરતી,
મારા ઘરનો મોટો આધાર,
ગાંડી-ઘેલી તો પણ જગમાં,
મહેક એની ન્યારી ન્યારી,
મા તો મારી.....

હરતાં-ફરતાં સૌને હસાવતી,
દુઃખનો દરિયો પોતે પીતી,
ટાઢ-તાપ એ પોતે સહેતી,
ઘર આખાનું છાપરું બનતી,
તમને કહું! આમ તો મને ગમે પપ્પા,
પણ વહાલ તો હું માને જ કરું.
મા તો મારી.....

# દેવ મારા નિશાળે

મારા ન્યારા દેવ નિશાળે,
મારા પ્યારા દેવ નિશાળે,
મારું સાચું ધન નિશાળે,
મારું સાચું મન નિશાળે,
મારા ન્યારા દેવ........

જીવનનાં અરમાન અધૂરાં,
પૂરાં સૌ થઈ જાય નિશાળે,
મારે મંદિર-મસ્જિદ કેવાં?
મારા જાગતા દેવ નિશાળે,
મારા ન્યારા દેવ........

ધ્યાન રાખી ભણવું જોઈએ,
ધ્યાન રાખી ગણવું જોઈએ,
મારું સાચું ધ્યાન નિશાળે,
મારું સાચું જ્ઞાન નિશાળે,
મારા ન્યારા દેવ........

# સપનું

છાનુંમાનું આવે સપનું,
છાનુંમાનું જાય;
રાત પડે ને આવે સપનું,
દિ ચડે ને જાય;
પરી થઈને આવે સપનું,
જંગલ થઈને જાય;
સાત સમુંદર ઠેકે સપનું,
પહાડ થઈ પથરાય;
વાદળ થઈને દોડે સપનું,
ફૂલ બની મહેકાય;
રોજ રાતે આવે સપનું,
સપનું કેવું સુંદર;
ઘર જેવડું ઘર અમારું,
ઘરમાં એક છછુંદર;
દાદાજી તો દેવ જેવા,
દાદી ફૂલની માળા;
મારી સામે જોઈ-જોઈને
વાંદરા પાડે ચાળા;

# શ્રદ્ધાનો સથવારો

દીકરી માનો પ્રેમ બનેને
કોયલનો ટહુકાર,
દીકરી માનો જીવ બનેને
હેતભર્યો હુંકાર,

દીકરી બાપનું હૈયું બનેને
દીકરી બાપનાં આંસુ,
જેના ઘરમાં દીકરી હોય ત્યાં
બારેમાસ ચોમાસું,

દીકરી સૌની સ્નેહની પ્રતિભા
દીકરી ઘરનો ઉજાસ,
દીકરી એટલે રોજ દિવાળી
ઊછળતો ઉલ્લાસ,

દીકરી એટલે સવાયો દીકરો
દીકરી તુલસીનો ક્યારો,
દીકરી પૃથ્વીનું પાનેતર ને
'શ્રદ્ધાનો સથવારો'.

# જિંદગી

ક્યાંક ગુલાબની સુગંધમાં આવી રહી છે દુર્ગંધ,
ક્યાંક કાંટાળી વાડ લાગે છે, સુંવાળી,
તો શું જિંદગી આ જ છે તારી કહાણી.

વનનો પવન આજે લાગે છે પ્યારો,
ને સિંહણની ત્રાડ પણ લાગે નહિ ડરામણી,
તો શું જિંદગી આ જ છે તારી કહાણી

વર્ષોથી સાથે રહ્યા તો પણ અજાણ્યા,
ને ધાતરવડીનાં જળ કેમ લાગે જાણ્યા,
તો શું જિંદગી આ જ છે તારી કહાણી.

# કેટલાક પ્રશ્નો જીવનના

શરીરને છોડીને જીવ ક્યાં જાય?
ફૂલ અને દોરા વચ્ચે સુંદર માળા ગૂંથાય?
શિવ અને જીવ વચ્ચે કેવી પૃથ્વી રચાય?
જીવ ક્યાં જાય?....................

આકાશમાં ઊડીને પક્ષી ક્યાં જાય?
પવનની પીઠમાં કોની સવારી થાય?
ઝાડની ડાળીમાં બેસીને કયું પંખી
ભગવદ ગીતા ગાય?
જીવ ક્યાં જાય?.....................

ફૂલોની મહેકમાં કોનું નામ ઘુંટાય?
માયાનગરીનો રસ્તો કોને ક્યાં લઈ જાય?
કળયુગનો આ અવતાર કેમ સરતો જાય?
જીવ ક્યાં જાય?....................

# મને ગમે

મને ગમે, મને ગમે,
હસતી છોકરી મને ગમે,
નાચતી છોકરી મને ગમે,
મને ગમે, મને ગમે,
મેઘધનુષ્યના રંગો મને ગમે,
વરસતી વાદળી મને ગમે,
મને ગમે, મને ગમે,
વાંદરાની ટોપી મને ગમે,
બિલાડીની આંખો મને ગમે,
મને ગમે, મને ગમે,
હરિયાળી દુનિયા મને ગમે.
ગુજરાતનો ગરબો મને ગમે.

# વર્ષારાણી

છમછમ કરતી આવી વર્ષારાણી,
સાથે લાવી પાણી પાણી.
મોરની કળા સાથે આવી વર્ષારાણી,
દેડકાના ડ્રાઉં ડ્રાઉં સાથે આવી વર્ષારાણી,
ખેતરોમાં પાકો ઉગાડવા આવી વર્ષારાણી,
ખેડૂતોનાં આંખોમાં આવ્યા હર્ષનાં પાણી પાણી,
દુકાળ અને દાવાનળ સામે,
યુદ્ધ કરવા આવી વર્ષારાણી.
સૌને જીવ અપાવી લાવી પાણી પાણી,
જંગલોને વૃક્ષને બચાવો- તેમ કહેવા આવી વર્ષારાણી.
નહિં તો બૂમો જ પાડતા રહી જશો પાણી પાણી,
વન, જંગલમાં પ્રાણ પૂરવા આવી વર્ષારાણી.
પશુ-પક્ષીનાં કલરવમાં લાવી પાણી પાણી,
સાથે લાવી પાણી પાણી વર્ષારાણી.

# મળી આઝાદી

મળી આઝાદી આપણને અંગ્રેજોની ગુલામીથી
હવે આજ ખુશીની ભરીએ ઝોળી સલામથી

મળી આઝાદી.....

કોઈ વસ્તુ પસંદ ન હોય તો તેનો અર્થ એ નથી કે તે નકામી છે,
એવું પણ હોય કે આપણી સમજણમાં જ હોય કોઈ ખામી,

મળી આઝાદી.....

ફક્ત ગાંધીને યાદ કરવું એ જ પૂરતું નથી દોસ્તો! એના માર્ગે ચાલવું એ જ સાચી સલામી,
મુશ્કેલી એક દિવસ જરૂર વીતી જશે દોસ્તો! તે કાયમ નથી રહેતી કેમ કે તે તો છે હંગામી,

મળી આઝાદી.....

પ્રભુ પાસે માગણી જ ન કરતા મળ્યું એનો આભાર માનો,
ખબર છે ઈશ્વરને આપણે શું જોઈએ કેમ કે તે તો અંતરયામી છે,

મળી આઝાદી.....

# દીકરી

આજ કાલમાં વાત ન કરશો જલદી વીતી જાશે રે...
દીકરી તો પંખીનો માળો કાલે ઊડી જાશે રે...
ઘરની આજ વિદાય લેશે રે દિકરી...
દાદાને તો પ્રેમથી છડી આપવા જાય રે...
દાદીને તો પ્રેમથી ચશ્મા આપવા જાય રે...
વિરલાને બહેન કેવી રાખડી બાંધે રે...
નિડર અને સાહસી છે દીકરી
હૃદયની અનુભૂતિ છે દીકરી
લક્ષ્મી બનીને દેખાશે દીકરી
એક દિવસ જરૂર નવદુર્ગા બનીને દેખાડશે દીકરી...

# વરદાન

મારાં માતા-પિતા જ મારાં ભગવાન છે,
નહીં તો મારું જીવન ક્યાં આસાન છે,
તેમનો હાથ મારા માથે તો હું સુખી,
તેના ચરણોમાં રહેવું એ જ વરદાન છે.
તેનાં ચરણોમાં....

જીવનમાં બધું મળશે, હું ઈશ્વરની આભારી છું,
પણ મારાં માતા-પિતા પૂરા જગતમાં,
ક્યારેય નહિ મળે, ક્યારેય નહિ મળે,
માતા-પિતાનું સ્મિત એ જ ભગવાન છે.
તેનાં ચરણોમાં....

# ખુદના જ કરે પ્રહાર

ખુદના જ કરે પ્રહાર પછી કોને કરે ફરિયાદ,
વૃક્ષ કહે, અંત સુધી મનુષ્યને કામ આવીએ અમે,
આડી અવળી કુહાડી મારે, ઘસરકે કપાઈએ અમે,
ખુદનો બને હાથો પછી કાઢે લોહી અમારું.

ખુદનો જ કરે પ્રહાર.....

ગંગા, જમના, સરસ્વતી છે પવિત્ર નદી આ સૃષ્ટિની અંદર,
ઢોંગી માણસ ગંદકી-કચરો નાંખે પવિત્ર સરિતાની અંદર,
પાપી માણસ પાપ ધોવા ડૂબકી મારે સરિતાની અંદર,
છતાંયે રહ્યું મન મેલું પછી જીવન ક્યાંથી બને સુંદર.

ખુદનો જ કરે પ્રહાર.....

# ગુરુજી

હાથ જોડીને વિનવું,
મારા ગુરુજીને આજ,
લાજ મારી રાખજો,
દયાના સાગર આજ.

દર્શન કરવા આપના
આંખ મારી ઊભરાય,
આશીર્વાદ લઈ આપના
હૈયું મારું મલકાય.

અજ્ઞાનમાં ડૂબી ગઈને,
હાલ થયા બે હાલ,
જ્ઞાન ઘણું મોડું મળ્યું ને,
મારી વહી ગઈ કાલ.

ભીડ પડી છે, ભક્તની,
ઊભો ભક્ત તમ દ્વાર,
ધન દોલત નથી માંગતા,
માંગું 'સદવિચાર'.

# કોરું રહેવું કેમ ગમે?

આ છે વરસાદી માહોલ

દોસ્ત તને કોરું રહેવું કેમ ગમે?

ભીંજાય છે આ હરિયાળી દુનિયા

દોસ્ત તને કોરું રહેવું કેમ ગમે?

આંખે અમર આંસુ તરસે

આંખે વીજ ચમકાર

આંખે ઝરમર પાણી વરસે

દોસ્ત તને કોરું રહેવું કેમ ગમે?

ઘરની ઉપરના છેલ્લે છેડે, કોઈ ઝરણું વહી જાય

પથ્થર પણ જો પાણી થઈ વહે તો

દોસ્ત તને કોરું રહેવું કેમ ગમે?

મેઘધનુષ્યના સાત રંગો જોઈ

મહેકે આ મનનો મોર

મસ્ત તરણું ખીલ્યું છે નવું

દોસ્ત તને કોરું રહેવું કેમ ગમે?

# મા તું નવદુર્ગા

મા! તારો સ્નેહ તો અપાર, દયાળી,

તું દુર્ગા ને તું જ છે કાળી,

મા! નારી છું પણ તારી જ છું,

દૂર છું પણ તારી જ છું,

આ દુનિયા તો ચતુર બનેલી,

તારી દુનિયા તો મધુર બનેલી,

ન તું વઢે ન તું કકળે,

મારી માટે તું જીવ બાળે,

તું નવદુર્ગા તું ચિનગારી,

મા વિના તો દુનિયા ખારી,

આપ્યો તે મને પ્રેમ અપાર,

કરું હું તારું સપનું સાકાર,

કોઈ કહે ડૉક્ટર બનીશ, શિક્ષક બનીશ,

પણ 'આશા' કહે કવિ બનીશ.

# ‘મા તે મા’

મા તે મા, બીજા વગડાના વા,
નવ મહિના જે ઉદરમાં રાખે,
પીડા વેઠીને મને જન્મ તે આપે,
માને કેમ ભૂલાય!?

ભીનામાં સુતીને સૂકામાં સુવડાવતી,
લાલને કંઈ થાય નહીં, એવી સંભાળ રાખતી,
મા તે મા બીજા વગડાના વા,
મા ને કેમ ભૂલાય!?

મા રામની કૌશલ્યા હોય કે કૃષ્ણની દેવકી,
ગણેશની પાર્વતી કે ઝુંપડામાં રહેતી બાઈ,
પણ મા તે મા બીજા વગડાના વા,
મા ને કેમ ભૂલાય!?

# 'મા! તું મને મળજે'

હું જાગું તો નવી સવાર બનીને,
સૂતી હોવું તો સ્વપ્ન બનીને,
મા! તું મને મળજે,

હું ચાલું તો કદમ મિલાવીને,
થોભું તો હાથ પકડીને,
મા! તું મને મળજે,

હું મલકાવું તો મારા સ્મિતમાં ને,
રડી પડું તો આંસુ બનીને,
મા! તું મને મળજે,

હું અરીસો જોઉં તો પ્રતિબિંબ બનીને,
મારી ગેરહાજરીમાં અહેસાસ બનીને,
મા! તું મને મળજે.

# મારી મમ્મી

મા કહો, મમ્મી કહો, ને મોમ કે માડી કહો,
નામ તારાં કેટલાં છે, તું લાડલી વહાલી છે.
સાત સમુંદરથીય વિશાળ છે આ દિલ તારું,
નથી સમજી શક્યા એ બુઝદિલ છે.
માની આ મમતા આગળ કોઈ આવી શક્યું નથી,
વાય છે વગડામાં વા પણ ક્યાં છે કોઈ મંજિલ?
વાહ! ખુદા તારો હુકમ? કે જન્મજાત પણ નીચે જે ના મૂકી,
મરતબો આ માની પાસે, એને જ મા વહાલી છે.
શાણપણની ખાણ છે ને,
ડહાપણ છે જેનું સચોટ,
આપશે આશીર્વાદ ઘણી,
દુવાઓની અસર થશે.

# કાળું નાણું

ઊપર નીચે આજુ-બાજુ,
ચારે કોર ઘેરાણું,
રામ જાણે કેટલું કાળું,
હશે આ કાળું નાણું.....

રઘવાયા થઈ દોડે આમ-તેમ,
લઈ કાગળિયા હાથમાં,
કાળા માથાનું ટોળું જાણે કીકીઓનું,
દર ઉભરાણું.
રામ જાણે કેટલું કાળું,
હશે આ કાળું નાણું.....

માનવતાની મૂડી નથી આ, સ્વાર્થના
છે કાવડિયા,
ઉપરવાળી બૅંક કોક 'દિ,
લેશે ને મારું ઉપરાણું,
રે હરિ! તારા મોહમાં,
મારું તો સર્વસ્વ લૂટાણું,
રામ જાણે કેટલું કાળું,
હશે આ કાળું નાણું.....

# તું નારી છો

તું શક્તિ, સંસ્કાર, સન્નારી છો,
તું પ્રેરણા ને સ્નેહસૃષ્ટિ રચનારી છો.

તું સબળા વિશ્વાસ ને તેજ ધરાનું,
દરિયો વાત્સલ્યનો તું વહાવનારી છો,
ગાંધી, વિવેકાનંદને તું તો જાણનારી છો.

તું સંસ્કૃતિ, શ્રદ્ધા, ભારતવર્ષ તણી,
સત્ય, સનાતન, વહાલને વરનારી છો,
મમતાને જીવાડવા તું જીવેય હારનારી છો.

છે માનવતા એક જ ધર્મ તારો,
સૌ-વેર-ઝેર જગના ભૂલનારી છો,
તું જગતની, ભારતની 'પ્રેમ પ્યારી' છો.

# વીરો પ્યારો

ક્યાંક સપનામાં વાંસળી વાગી રે લોલ,
આંખ મીચીં હું રાતભર જાગી રે લોલ.

ક્યાં સપનામાં મોરલો ગહેક્યો રે લોલ,
મારો વીરો મારામાં ટહુક્યો રે લોલ.

ક્યાં સપનામાં મોગરો મહેક્યો રે લોલ,
શ્વાસ ભૈયાનો આસપાસ બહેક્યો રે લોલ.

ક્યાંક સપનામાં ચાંદલો ચમક્યો રે લોલ,
મારો વીરો આંખોમાં ઝબક્યો રે લોલ.

ભાઈ! વીરાની વાંસળી વાગી રે  લોલ,
આંખ મીંચી ને રાતભર જાગી રે લોલ.

# કેમ કે હું મનુષ્ય છું

જિંદગીથી ઉદભવતા પ્રશ્નોના
ઉકેલ મેળવવા માટે અટવાયો છું,

ક્યારેક સંબંધો બનાવવા તો ક્યારેક
તૂટેલા જોડવા માટે ફેલાયો છું,

ક્યારેક કોઈની સાચી લાગણીઓથી
સ્મિતથી લહેરાયો છું,

સફળતા અને નિષ્ફળતાના સિક્કામાં ઉછળ્યો છું,
કોઈનાં સાચા પ્રેમથી મહેક્યો છું,
કેમ કે હું મનુષ્ય છું....

ઓ માલિક તારી આ વિશાળ દુનિયામાં
ખૂબ જ અનુભવાયો છું.

સમજી ન શકાતા સંબંધોની આ દુનિયામાં
મૃત્યુ બાદ વખણાયો છું.

બીજાઓને લીધે ખુદને બદલવા ટેવાયો છું,
શિક્ષિત, સમજદાર હોવા છતાં, છેતરાયો છું,
કેમ કે હું મનુષ્ય છું....

# દારૂ, દારૂ, દારૂ

દારૂ, દારૂ, દારૂ,
આપણી તો એક જ સલાહ,
ન પીઓ તો સારું.....

દારૂ કહે દારૂડિયા હું,
તારી નશે નશમાં ફરું, પીડા કરું,
તો પણ તું મને સાચવતો,
ન તું રામ કહે, ન કામ કરે,
કહે બસ! મારે તો બેફામ પીવો છે દારૂ,
આપણી તો એક જ સલાહ,
ન પીઓ તો સારું.....

પત્ની શાક બનાવે પણ,
જો બને સહેજ ખારું,
આપણી તો ઈ જ રાહ,
ક્યારે તેને મારું,

એટલે જ યુવાનો હું તમને,
એક સરસ વાત કરું,
દારૂ, દારૂ, દારૂ,
આપણી તો એક જ સલાહ,
ન પીઓ તો સારું.....

# ભારતને સ્વર્ગ બનાવીએ

ઘર આંગણાનો કચરો ગામની શેરીમાં ઠલવાશે,
એ કચરાની દુર્ગંધ આપણા ઘરે પાછી આવશે,
માટે લઈ હાથમાં ઝાડું, કચરો હટાવીએ,
આ ભારતની ભુમિને આપણે સ્વર્ગ બનાવીએ.....

ગામની પાણીની ટાંકી જો મહિને સાફ થશે,
તો એ જ ટાંકી આપણને ગંદાં જળ પાશે,
માટે ગંદાં જળને હટાવીને ગંગાજળ લાવીએ,
આ ભારતની ભૂમિને આપણે સ્વર્ગ બનાવીએ.....

મંદિરમાં સફાઈ નહીં થાય તો, ભગવાન પણ ભાગશે,
અને આશીર્વાદની જગ્યાએ શાપ આપણને લાગશે,
માટે મંદિરની સફાઈ કરી ભગવાનની મૂર્તિ ગોઠવીએ.
આ ભારતની ભૂમિને આપણએ સ્વર્ગ બનાવીએ.....

# બહેનોની વિશેષતા

મારી છે, ચાર બહેનો,
સૌની એક એક છે વિશેષતાઓ.

સૌથી મોટી શીખવે શિસ્ત,
બધાની સામે કરતી સ્મિત.

બીજા નંબરની શીખવે કામ,
કરતી કામ ફટાફટ તમામ.

ત્રીજા નંબરની હું છું ખુદ,
સૌની શીખામણ માંગુ છું હજી,

શીખવું છે મારે ઘણું ઘણું,
આપો આશીર્વાદ કે હું ઘણું ભણું.

સૌથી નાની બહેન ‘વિજ્યા’,
સૌને લાગતી વહાલની ત્રિજ્યા.

ચાર બહેનો છીએ તો પણ કહે, ‘પાંચ પાંડવો’,
મોટી બહેનનો રોપાવ્યો માંડવો,

આ છે મારી વહાલી બહેનોનો સાથ,
લેશો તો તમને લાગશે કે આ છે
‘આશા’ની બહેનોનો મનોહર સંગાથ.

# પિતાનું કર્તવ્ય

ઘરના પિતા એ છે વડા,
અને છે એ આભ જેવડાં,
હંમેશાં નિભાવે પોતાનું કર્તવ્ય, ને કહે,
આ છે, મારું મંતવ્ય,
સાથે રહેતાં એ શીખવતાં,
જીવન લક્ષી સંસ્કાર આપતાં,
ચાલતાં શીખવી આગળ વધારી,
પૂરી કરતાં હંમેશાં તેમની જવાબદારી,
આવે મને એટલી તો સમજણ,
કે સાચવું આબરું પિતા તણી,
નથી થઈ શકતું એમનું મૂલ,
છે એ જીવનમાં અમૂલ,
'આશા' હંમેશાં પિતાને કૃતજ્ઞ,
નથી કરવાની જરૂર કોઈ યજ્ઞ.

# નવરાત્રિ

નિતરતી નવરાત્રિ આવે, ટપકતી નવરાત્રિ આવે,

ખેલૈયાને રોકે કોણ? ખેલૈયાને ટોકે કોણ?

અચકાતી મચકાતી આવે, શર્મિલી શરમાતી આવે

ઈન્દ્રિયોને રોકે કોણ? ઈન્દ્રિયોને ટોકે કોણ?

છલકાતી મલકાતી આવે? છાતીથી ઉભરાતી આવે,

ઊર્મીઓને રોકે કોણ? ઊર્મીયોને ટોકે કોણ?

ત્રિશૂલ ધારી અંબા આવે, ત્રિનૈત્રધારી કાલિ આવે

સૌંદર્યને રોકે કોણ? પ્રકૃતિને ટોકે કોણ?

નાચતી ને કુદરતી આવે, હૈયાથી હરખાતી આવે,

નચૈયાને રોકે કોણ? નાચૈયાને ટોકે કોણ?

# પ્રકૃતિનું સર્જન

હે ઈશ્વર મને આ પ્રકૃતિનું સર્જન જોઈ
પ્રકૃતિના ખોળામાં બેસવાનું મન થાય,

વૃક્ષોની ડાળી પર કોયલ ગીત ગાય
ગીત સાંભળીને મને ગાવાનું મન થાય,

વરસાદમાં મોરની નાચવાની કળા જોઈ
મને ખૂબ નાચવાનું મન થાય,

ખેતરમાં લહેરાતા ઉભા મોલ જોઈ
મોલની જેમ લહેરવાનું મન થાય,

ખળ-ખળ વહેતાં ઝરણાને જોઈ
ઊંડા નીરમાં નાહવાનું મન થાય,

આ પ્રકૃતિના ખોળામાં બેસીને મને
મીઠી-મીઠી ઊંઘમાં મહાલવાનું મન થાય.

# સૂર્યને ઉગવાનું મન થાય

થોડું અંધારું અને થોડું અજવાળું થાય,
સૂર્યને ઉગવાનું મન થાય.

પંખીઓ આંખો ખોલેને સુંદર ગીતો ગાય,
થોડા સ્વરો અને થોડો ઉલ્લાસ ફેલાય,
સૂર્યને ઉગવાનું મન થાય.....

કળીઓ પાંખડી ખોલે ને સુંદર સુવાસ ફેલાવે,
થોડી ખુશી અને થોડો આનંદ ફેલાય,
સૂર્યને ઉગવાનું મન થાય.....

લોકો આળસ ત્યજે ને બાળકો ખેલકૂદ કરે,
થોડો ઉમંગ અને થોડી મસ્તી ફેલાય,
સૂર્યને ઉગવાનું મન થાય.....

ગાયો ચરવા જાય ને મંદિરે જાલર વાગે,
થોડી શક્તિ અન થોડી ભક્તિ ફેલાય,
સૂર્યને ઉગવાનું મન થાય.....

# અવતાર

ફૂલ, છોડને પૂછે છે,
તારી જરૂર શું?
ત્યારે, છોડ કહે છે,
હું મહેકનો રસથાળ છું.

જીવ બની માનવને પૂછે છે,
તારી જરૂર શું?
ત્યારે, માનવ કહે છે,
હું માના પાલવમાંથી નિતરતો પ્રેમ છું.

ગર્ભના બાળકને પૂછે છે,
તારી જરૂર શું?
ત્યારે, બાળક કહે છે,
હું જીવનરથને જીવતો રાખનાર ‘કન્યા’નો અવતાર છું.

# સંતાકુકડીની રમત

સંતાકુકડીની રમતમાં છું, બોલાવતા કોઈ નહીં,

હું મારી કરામતમાં છું. બોલાવતા કોઈ નહીં.

હમણા કોઈ આવીને કહેશે,'થપ્પો તારો'

હું મારી ગમ્મતમાં છું, બોલાવતા કોઈ નહીં.

પગલું પાડવાની પૂરી થશે, 'પાપા પગલી',

હું નવી શરારતમાં છું, બોલાવતા કોઈ નહીં,

મોટું શું છે? એ ન જાણે આ નાનું,

હું મારા જગતમાં છું, બોલાવતા કોઈ નહીં.

નહિ રંગાઉ જીવનના રંગે કદી,

હું તો કબીરજીની લતમાં છું, બોલાવતા કોઈ નહીં.

# બાળપણ

આજે મને માળિયામાંથી એજ જૂનું દફ્તર મળ્યું,

અચાનક જાણે મને મારું બાળપણ મળ્યું.

કિનારી ટૂટી ગયેલી પાટીને,

રંગીન ચૉકનું બૉક્સ મળ્યું.

પીળી પડી ગયેલી નોંધપોથીને,

તેમાં સચવાયેલો પેન્સિલનો છોલ મળ્યો.

અચાનક જાણે.....

કાચની ટૂટી ગયેલી બરણીમાંથી સેટ ને,

લાલ ચુંદડી ઓઢાડેલી મારી ઢીંગલી મળી,

મારી ઢીંગલીનું મેક-અપ બૉક્સને,

જાતે બનાવેલો એક સુંદર ઢીંગલો મળ્યો.

અચાનક જાણે.....

# વિચારોની વચ્ચે

વિચારો, વિચારો, વિચારોની વચ્ચે,
ચંદ્ર જેમ ચમકવું છે, સિતારોની વચ્ચે,
પહોંચી જઈશું મંદિર સુધી પણ,
સતત જો વહીશ કિનારોની વચ્ચે.

મુખડું જોતા સૌને પલમાં લાગે માયા,
અમારાં જીવનમાં ગુરુદેવ બનજો છત્તરછાયા,
અંતરના અંધારા ટાળીને પાથરજો અજવાળા,
ચરણ કમળમાં રાખજો ગુરુદેવ દયાળા.

ચાંદો સૂરજ ગમે છે પણ દૂર છે આભમાં,
ભાઈ-બહેન ગમે છે, પણ દૂર છે ગામમાં,
આજે આવશે કે પછી કાલે આવશે,
'આશા'! ભરોસો રાખ, આવશે ચાલતી લહેરમાં.

# તલાશ

તલાશ છે, મને આ નફરતની દુનિયામાં,
માત્ર થોડા સાચા પ્રેમની.
તલાશ છે, મને આ ખારા જળનાં દરિયામાં,
એક મીઠા બુંદ પાણીની.
તલાશ છે, મને આ ભ્રષ્ટાચારની દુનિયામાં,
એક શ્રેષ્ઠ નેતાની.
તલાશ છે, મને આ ફેશનની દુનિયામાં,
એક સેવાભાવી શ્રવણની,
તલાશ છે, મને આ દુ:ખના દરિયામાં,
એક મીઠા સ્મિતની.
તલાશ છે, મને આ ગરીબાઈની દુનિયામાં,
એક ટંક ખોરાકની.

# આનંદ અપાર છે

ધકાઓ ખાવાનો મને રંજ નથી,
આંતરડી ઠર્યાનો મને આનંદ અપાર છે.

મિત્રોનાં સુખમાં પાછળ છું તેનો મને રંજ નથી,
દુઃખમાં આગળ છું, તેનો મને આનંદ અપાર છે.

ઓછું મળ્યાનો મને રંજ નથી,
સંતોષી બનવાનો મને આનંદ અપાર છે.

સફળ ન બન્યાનો મને રંજ નથી,
માનવ બનવામાં મને આનંદ અપાર છે.

મહાકવિ બનવાનો મને અભરખો નથી,
બાળકવિ બન્યાનો મને આનંદ અપાર છે.

# બેસી મારું ગપ્પા

મોટા મોટા માણસ વચ્ચે,
બેસી મારું ગપ્પા,
દાદાનાયે પપ્પા જેવો
હું તો મોટા પપ્પ,

મોટા મોટા.....

મહાભારત ને રામાયણનાં,
પોટલાં ભારે ખોલું,
લીલી, ચીપી, અષ્ટમ્, પષ્ટમ્
ન સમજાતું બોલું,

મોટાં મોટાં.....

કદીક ટપકાવું ચોપાઈ ઈ હાઈકુ
કદિક ઝીંકુ છપ્પા,
કોને મળી નવરાશ હવે,
રમવાની થુઈ-થપ્પા.!

મોટા મોટા.....

# હું ગુંજાવીશ આકાશ

પપ્પા આજે કડક મેડમને,
પાઠ ભણાવી આવી,
ચોકને આગના ભઠ્ઠામાં નાખ્યો,
બ્લેકબૉર્ડ ઉપાડી લાવી.

મૂક્યાં ટેબલમાં દેડકાં-ગરોળી,
રમતા-ફરતાં ભણશે,
વર્ગમાં વેર્યા ચોખાના દાણા,
કાબરો બિચારી ચણશે.

ડંકો ઊપાડી મંદિરે ટાંગ્યો,
ભક્તો ડંકા કરશે,
ચોપડીઓ મેં પસ્તીમાં આપી,
હમણાં લેવાવાળો આવશે.

જો-જો પપ્પા ગુસ્સો ન કરતાં,
ગુસ્સો નોતરે નાશ,
કલરવ સંગે ભણતાં-ગણતાં,
હું ગુંજાવીશ આકાશ.

# બનીશ ટીચર મોટી

ભણી ગણીને પપ્પા હું તો બનીશ ટીચર મોટી,
નહિ હાથમાં કદીય રાખું સોટો અથવા સોટી,

નહિ કોઈને સજા કરુને નહિ કોઈને ધમકાવું,
તોફાની બાળકોનેય હું તો પ્રેમ કરી સમજાવું,

નહિ કોઈને અંગુઠા પકડાવું સો-સો ઘડિયા ન આપું,
ક્લાસ રૂમમાં એવું સમજાવું બાળક શીખે પાકું,

ભણતર-ગણતર એવું આપું, હસતા ગમ્મત કરતા,
બીજે દિવસે શાળાએ આવવા બાળક કદી ન ડરતા,

રાખું ફૂલ સરીખાં દફતર રૂપાળા ને હળવા,
લેશન જે ખુશીથી પતી જાય એક-એક પળમાં,

નાટક-કથા-કવિતા પપ્પા, શીખે મારો ક્લાસ,
બધાય મારા વિદ્યાર્થીઓ પહેલે નંબરે પાસ.

# મેડમની સંસ્કૃતિ

કાદવ વિના કમળ ખીલવવું સહેલું નથી,
કસ્તુરબા ગાંધી વિદ્યાલયમાં જ્ઞાન અપાવ્યું તે ખોટું નથી.

કપ્તાનરૂપી અમારા મેડમ રહ્યાં છે,
અલ્પસમો ચહેરો બતાવી રહ્યાં છે.

હસતાં-હસાવતાં રહે સદા,
કરે નહિ કોઈની પણ નીંદા.

સંકટ સમયે ઉકેલ કાઢે,
કોઈની ઈર્ષા-વાતથી ન વઢે.

સોના-ચાંદી માફક મૅડમ મળ્યા,
તબકાવ્યા ઘોડા છતાં દ્વાર ઉઘાડ્યાં.

લિખિતંગ ‘આશા’ના વાંચજો પ્રણામ,
અને ‘કાશ્મીરા’ મૅડમનું તો નામ જેવું જ કામ.

# હાઈકુ

**કન્યા વિદાયનું હાઈકુ**

કરી વિદાય,
પિતાએ દીકરીને
ભારે હૃદયે

**'ઓખી'નું હાઈકુ**

તુફાન લઈ
આવ્યું ગુજરાતમાં
નામ છે ઓખી

**પ્રહલાદ કથાનું હાઈકુ**

રક્ષા કરવા
ભક્ત પ્રહલાદની,
વિષ્ણુ લે રૂપ

**સીતા શોધમાં હનુમાનનું હાઈકુ**

શીશ નમાવ્યું
'આજ્ઞા દો રઘુરાય'
સીતા શોધમાં

# જ્ઞાન જ્યોત પ્રોજેક્ટ
# સંક્ષિપ્ત પરિચય

'જ્ઞાન જ્યોત પ્રોજેક્ટ'નો હેતુ સરકારી શાળાઓમાં બાળકોની વધુ નોંધણી કરવા અને પૂર્વ-પ્રાથમિક (આંગણવાડી) અને પ્રાથમિક શાળાઓ અને હાઈસ્કૂલના બાળકો માટે શિક્ષણ આનંદદાયી બનાવાનો છે. અલગ-અલગ પદ્ધતિઓ અને પ્રવૃત્તિઓ દ્વારા શિક્ષણ પર ધ્યાન કેન્દ્રિત કરવા અને બાળકોને વિવિધ શૈક્ષણિક સાધનોનો ઉપયોગ કરવા, ચિત્રકામ, પેઇન્ટિંગ, રમકડાં રમવું, સરળ કોયડાઓ ઉકેલવા, બાળમેળા, પુસ્તકાલય, પ્રવાસ, પરવરીશ કાર્યક્રમ, સમર કૅમ્પ, વાંચન-લેખન-ગણન, વિવિધ તહેવારો, રાષ્ટ્રીય દિવસો, અલગ-અલગ દિવસોની ઉજવણી, અસરકારક અભ્યાસ કરવાની પદ્ધતિઓ માટેના સેમિનારો, સ્માર્ટ ક્લાસ, સ્વચ્છતા, પેરેન્ટ્સ મિટિંગ અને આ બધા કાર્યક્રમો દ્વારા શાળામાં બાળકોને આનંદદાયી પ્રક્રિયામાંથી પસાર કરી સમગ્ર ગામોના વિકાસ તરફ આગળ વધવાની 'જ્ઞાન જ્યોત પ્રોજેક્ટ' પ્રેરણા પૂરી પાડે છે.

### હેતુ

- ૧૦૦ ટકા શાળા પ્રવેશ - તમામ બાળકોની નોંધણી.
- તમામ વિદ્યાર્થીઓને શાળા શિક્ષણની પહોંચ છે.
- પાછલા વર્ષોની સરખામણીમાં શાળાના પરિણામોમાં સુધારો.
- બાળકોમાં આત્મવિશ્વાસ અને આત્મસન્માનની ભાવના વિકસાવવી.
- ઉન્નત શિક્ષણ.
- પ્રાથમિક શિક્ષણમાં વૃદ્ધિ અને સુલભતા સાથેનું ભાવિ તૈયાર કરવું.
- દરેક બાળકનાં સામાન્ય જ્ઞાનને વિકસાવવું.
- મહિલાઓ માટે નાણાકીય સાક્ષરતા વિશેનું શિક્ષણ.
- એન.ઓ.આઈ.એસ. બાબા સાહેબ આંબેડકર યુનિવર્સિટિમાં નોંધણી.
- સામાજિક મીડિયા સાક્ષરતા.

### સંસ્થાની મુખ્ય પ્રવૃત્તિઓ

- પૂર્વપ્રાથમિક શિક્ષણ
- આંગણવાડીનાં બહેનોનું ક્ષમતાવર્ધન

- પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા બાળકો સાથે ગુણવતાયુક્ત શિક્ષણ
- શાળા વ્યવસ્થાપન સમિતિ(એસએમસી)નું ક્ષમતાવર્ધન અને શાળા-વિકાસ પ્લાન
- માધ્યમિક અને ઊચ્ચ માધ્યમિકના બાળકો સાથે ગુણવતાયુક્ત શિક્ષણ
- કેરિયર કાઉન્સેલિંગ અને ગાઈડન્સ
- બાળકો માટેના શૈક્ષણિક પ્રવાસો
- બાળમેળા
- બહેનો માટે રાત્રી-વર્ગો ચલાવવા
- શૈક્ષણિક કાયક્રમોની અસરકારકતા માટે સમુદાયનું જોડાણ અને ક્ષમતાવર્ધન
- શિક્ષકોનું ક્ષમતાવર્ધન
- ગ્રામીણ બહેનો-ભાઈઓને શાળાશિક્ષણ અને દરેક પ્રક્રિયામાં સામેલ કરવા
- શાળા-ગ્રાઉન્ડ ડેવલપમેન્ટ - ઇન્ડોર- આઉટડોર
- આરોગ્ય અને સલામતી જાગૃતિ કાર્યક્રમો
- સ્વચ્છતા અભિયાન
- સેનિટેશનની જરૂરિયાત અને તેનો ઉપયોગ
- આપત્તિ સમયે ધ્યાનમાં રાખવાની બાબતો